# શ્રીરામ ગ્રુપની વેલ્થ મૅનેજમેન્ટ કંપનીએ સેનલેમ ગ્રુપ સાથે હાથ મિલાવ્યા

**વેલ્થ મૅનેજમેન્ટ, એસેટ મૅનેજમેન્ટ, ઈન્સ્યુરન્સ માટે સલાહકાર સેવા પ્રદાન કરશે**

દેશના અગ્રણી નાણાસેવા જૂથ શ્રીરામ ગ્રુપે દક્ષિણ આફ્રિકાના સેનલેમ ગ્રુપ સાથે સહયોગ સાધી શ્રીરામ વેલ્થ લિમિટેડની સ્થાપના કરી છે. આ કંપની ૫૦-૫૦ ટકાના સંયુક્ત સાહસ હેઠળ કામ કરશે અને તે હાઈ નેટવર્થ ઈન્ડિવિડ્યુઅલ્સ (એચએનઆઈ) તેમ જ દ્વિતીય અને તૃતીય શ્રેણીનાં શહેરોમાં વેલ્થ મૅનેજમેન્ટ, એસેટ મૅનેજમેન્ટ, ઈન્સ્યુરન્સ જેવી સેવાઓ માટે સલાહકાર સેવા પ્રદાન કરશે, એમ શ્રીરામ કૅપિટલના એમડી અને સીઈઓ સુભાશ્રી શ્રીરામે જણાવ્યું હતું.

ભારતમાં રોકાણકારોની વધી રહેલી સંખ્યાને અનુલક્ષીને વેલ્થ મૅનેજમેન્ટ સેવા પ્રદાન કરવાનો નિર્ણય અમે લીધો છે, અમારું લક્ષ્ય એચએનઆઈ સાથે દેશના દ્વિતીય અને તૃતીય શ્રેણીનાં શહેરોની માર્કેટમાં પ્રવેશ કરી વેલ્થ મૅનેજમેન્ટની સેવા પ્રદાન કરવાનો છે. એક અભ્યાસ અનુસાર ભારતમાં માત્ર વીસ ટકા મૂડીનું વ્યવસ્થાપન થાય છે, જ્યારે બાકીની ૮૦ ટકા સંપત્તિનું વ્યવસ્થાપન થતું નથી. આ કારણસર અમે સેનલેમ ગ્રુપ સાથે સહયોગ સાધી વેલ્થ મૅનેજમેન્ટ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે, એમ શ્રીરામ વેલ્થના એમડી અને સીઈઓ વિકાસ સતિજાએ જણાવ્યું હતું.

નવી કંપનીનું લક્ષ્ય આગામી પાંચ વર્ષમાં એસેટ અન્ડર એડવાઈસ (એયુએ) હેઠળ રૂા. ૫૦,૦૦૦ કરોડનો બિઝનેસ હાંસલ કરવાનો છે, એમ સતિજાએ ઉમેર્યું હતું.

આ પ્રસંગે સેનલેમ ગ્રુપના સીઈઓ પૉલહેનરેટ્ટીએ તેમની કંપનીનો પરીચય આપ્યો હતો અને ભારતમાં શ્રીરામ વેલ્થ સાથે સહયોગ સફળ કરવા માટે પ્રતિબદ્ધતા દાખવી હતી.